GSDMA

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

બ્લોક નં.૧૧,૫મો માળ,ઉદ્યોગભવન,ગાંધીનગર-૩૮૨૦૧૭

ટે.નં.: -૦૭૯- ૨૩૨૫૯૨૭૮,૨૩૨૫૯૨૪૬

ફેક્સ: -૦૭૯- ૨૩૨૫૯૨૭૫

જીએસડીએમએ/શાળા સલામતી સપ્તાહ/3593/૨૦૨૬

તા. ૦૯/૦૧/૨૦૨૬

પ્રતિ

(૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી....તમામ

(૨) કલેકટરશ્રી....તમામ

(૩) જીલ્લા વિકાસ અધિકારીશ્રી....તમામ

<u>વિષય: 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૬' ની ઉજવણી કરવા બાબત.</u>

માન. સાહેબશ્રી,

ગુજરાત રાજ્યમા બહુવિધ આપત્તિઓનું જોખમ રહેલું છે. જેમાં મુખ્યત્વે ભૂકંપ, વાવાઝોડું, પૂર, ઔદ્યોગિક અકસ્માત, આગ અકસ્માત ઇત્યાદિનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA) દ્વારા શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમા આપત્તિ વ્યવસ્થાપન વિશે જાગૃતિ કેળવાય તે હેતુથી દર વર્ષે રાજ્યમાં 'શાળા સલામતી સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે.

શાળા સલામતી કાર્યક્રમ અંતર્ગત શાળાના શિક્ષકશ્રીઓને સંભવિત આપત્તિઓ સામે શાળા કક્ષાએ કેવા પ્રકારના સાવચેતી/સલામતીનાં પગલા લેવા જોઈએ તે બાબતે તાલીમબદ્ધ કરવામાં આવેલ છે.

GSDMA દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમા આપત્તિ સામે સાવચેતી અને સલામતી વિશે વિશેષ માર્ગદર્શન મળી રહે તે માટે શિક્ષણ વિભાગના પરામર્શમાં રહી <u>તા. ૨૭/૦૧/૨૦૨૬ થી ૩૧/૦૧/૨૦૨૬ દરમિયાન રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમા 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૬'ની ઉજવણીનું સૂચિત આયોજન આ સાથે સામેલ સૂચિત શીડ્યુલ મુજબ કરવામાં આવેલ છે.</u> જેમાં સપ્તાહ ઉજવણીના પ્રથમ દિવસે (તા.૨૭/૦૧/૨૦૨૬) ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા કાર્યક્રમનો શુભારંભ કરાવવામાં આવશે જેનું સીધું પ્રસારણ કરવામાં આવશે.

શાળા સલામતી સપ્તાહ ઉજવણી દરમિયાન જીલ્લા તથા મહાનગરપાલિકાની ઓછામાં ઓછી ૬૦ થી ૭૦ શાળાઓમાં મેગા ઇવેન્ટ જેવી કે, ફાયર ફાયટીંગ ડેમોન્સ્ટ્રેશન, NDRF/SDRFનું રેસ્ક્યુ નિદર્શન, ૧૦૮/ઇન્ડિયન રેડક્રોસ દ્વારા પ્રાથમિક સારવારની તાલીમ, ISR દ્વારા ભૂકંપ વિષયક પ્રેઝન્ટેશન, રોડ સેફટી, ઔદ્યોગિક એકમોના સેફટી અને ફાયર વિભાગ, IEC એક્ઝીબીશન ઈત્યાદીનો

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
આવક નંબર :- 710

સમાવેશ કરવાનો થાય છે. આ સિવાય બાકીની તમામ શાળાઓમાં સૂચિત શીડ્યુલ મુજબ પ્રવૃત્તિઓ થાય તે બાબત સુનિશ્ચિત કરવા વિનંતી છે.

શાળા સલામતી સપ્તાહની ઉજવણી પહેલા દરેક શાળાનો 'શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના' (SDMP) તૈયાર કરવામાં આવે અને તે સબબનું પ્રમાણપત્ર જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રીશાસનાધીકરીશ્રીની સહીથી અત્રેને તારીખ ૧૦/૦૨/૨૦૨૬ સુધીમાં મળી રહે તે અંગે જરૂરી સુચના અપાઈ જવા વિનંતી.

સબબ, આપના જીલ્લા/મહાનગરપાલિકા વિસ્તારમાં 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૬'નું સુચારુ આયોજન થાય તે માટે સબંધિત અધિકારીશ્રીને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

(માન. સીઈઓ-શ્રીની મંજુરી અન્વયે)

નિયામક

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

<u>નકલ રવાના:-</u>

૧. પીએ ટુ અગ્ર સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, માન. અગ્ર સચિવશ્રીના ધ્યાને મુકવા સારૂં

૨. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા,તરફ..તાબાના અધિકારીશ્રીને જરૂરી સૂચના આપવા સારૂ

૩. પીએ ટુ સીઈઓ...માન. સીઈઓશ્રીના ધ્યાને મુકવા સારૂ

૪. નિયામકશ્રી- GSDMA

૫. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
તરફ...તાબાના અધિકારીશ્રીને જરૂરી સૂચના આપવા સારૂ

૬. જીલ્લા પ્રોજેક્ટ ઓફિસરશ્રી...તમામ...જરૂરી કાર્યવાહી કરવા સારૂ

૭. પ્રોજેક્ટ ઓફિસરશ્રી, મહાનગરપાલિકા...તમામ... જરૂરી કાર્યવાહી કરવા સારૂ

**જા.નં. મા-૨/૨૦૨૬/ 1336** **તા. ૧૩ /૦૧/૨૦૨૬**

**પ્રતિ,**
**આચાર્યશ્રી,**
**પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ**
**જિ.સુરત.**

**આ સાથે સામેલ ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, ગાંધીનગર નો તા.૦૯ /૦૧/૨૦૨૬નાં પત્ર અન્વયે જાણ તથા અમલ કરવા સારું.**

**જિલ્લા શિક્ષણાધિકારી**
**સુરત, જિલ્લો-સુરત**

**બિડાણ: ઉક્ત પત્રની નકલ**

| Tentative Schedule for School Safety Week-2026 | | | |
|---|---|---|---|
| ક્રમ | તારીખ | કાર્યક્રમની વિગત | રિમાર્ક્સ |
| ૧ | ૨૭/૦૧/૨૦૨૬<br>પ્રથમ દિવસ | કાર્યક્રમનું ઉદઘાટન (વર્ચ્યુઅલ), આપત્તિઓની પ્રાથમિક સમજ, શાળા સલામતીની આવશ્યકતા | માન. મુખ્યમંત્રીશ્રી |
| ૨ | ૨૮/૦૧/૨૦૨૬<br>બીજો દિવસ | સંભવિત હેઝાર્ડની ચાર્ટ / પોસ્ટર, IEC,ઓડિયો / વિડીયોનાં માધ્યમથી સમજ આપવી. | DPO/શાળા |
| ૩ | ૨૯/૦૧/૨૦૨૬<br>ત્રીજો દિવસ | ચિત્ર, નિબંધ, વકતૃત્વ, સ્પર્ધાઓ | DPO/શાળા |
| ૪ | ૩૦/૦૧/૨૦૨૬<br>ચોથો દિવસ | શોધ અને બચાવ/પ્રાથમિક સારવાર અંગેની માહિતી | ફાયર બ્રિગેડ, આપદા મિત્રો |
| ૫ | ૩૧/૦૧/૨૦૨૬<br>પાંચમો દિવસ | ડેમોસ્ટ્રેશન/મોકડ્રીલ, ઈનામ વિતરણ | ૧૦૮ એમ્બ્યુલન્સ, NDRF, SDRF, ફાયર બ્રિગેડ |